dakshinayan
UNIVERSITY NEWS LETTER દક્ષિણાયન

B++ NAAC Accredited University
VNSGU | VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY

This newsletter is also available on the University Library at website www.vnsgulibrary.org

December 2009 For private circulation only Vol. 01 - Issue 24

કેળવણી બે પ્રકારની છે : એક કેળવણી માણસની માણસાઈ લઈ લે છે, બીજી માણસની માણસાઈનું ભાન કરાવે છે, એક માણસને મદમાં ચકચૂર કરે છે, બીજી માણસને - પુરૂષ અને સ્ત્રીને - તેના ધર્મ પ્રત્યે જાગ્રત કરે છે. આ બીજી કેળવણી તે જ સાચી કેળવણી.

- સરદાર વલ્લભભાઈ

# દીપે અરુણું પરભાત

પ્રિય વાચક મિત્રો,

"દક્ષિણાયન" યાત્રાના એક વર્ષના સુખદ સહપંથમાં સહયોગી થનાર સૌ કોઈને અભિનંદન !

આંધ્રપ્રદેશમાંથી તેલંગાણાનું અલગ રાજય બનાવવાની તથા તેનું પાટનગર હૈદરાબાદ બનાવવાનો રાજકીય હેતુઓથી પ્રેરિત નિર્ણયને લીધે રાજયોના પુનઃ ગઠનના અનેક પ્રશ્નો નજર સમક્ષ આવ્યા છે. દેશની સ્વતંત્રતાના સમયે દેશી રજવાડાં અને બ્રિટીશ હકુમત હેઠળના વિસ્તારનું વિલીનીકરણ થયું. ત્યારબાદ, બંધારણીય જોગવાઈઓ મુજબ એ, બી, સી, ડી. એમ ચાર પ્રકારનાં ઘટકોમાં પ્રદેશોને વર્ગીકૃત કરાયા. રાજય પુનઃરચના પંચ ગઠીત કરવામાં આવ્યું અને વિસ્તારની ભાષાને આધારે રાજયો પુનઃગઠિત થયાં. જેમ કે સૌરાષ્ટ્ર સ્ટેટ અને મુંબઈ સ્ટેટમાંથી ગુજરાત અને મહારાષ્ટ્ર અસ્તિત્વમાં આવ્યાં. છેલ્લે, ભાષા સિવાયના અન્ય મુદ્દાઓને લઈને પણ રાજયોમાં વિભાજન થયાં. જેમાં બૃહદ આસામમાંથી ૭ રાજયો બન્યાં. તેમજ વર્ષ ૨૦૦૦માં ઉત્તરાખંડ, છત્તીસગઢ તથા ઝારખંડ બન્યાં. આજે ભારતમાં કુલ ૨૮ રાજયો, એક નેશનલ કેપિટલ એરિયા (દિલ્હી) તથા ૬ કેન્દ્ર શાસિત વિસ્તારો મળી કુલ ૩૫ ઘટકોનું ભારતનું સંઘ રાજય બનેલું છે.

તેલંગાણાના અલગ રાજયની ઘટનાએ ઉત્તરપ્રદેશના ત્રણ ભાગ બુંદેલખંડ, હરિત પ્રદેશ (પશ્ચિમ ઉત્તરપ્રદેશ), તથા પૂર્વાંચલ (પૂર્વ ઉત્તરપ્રદેશ) બનાવવાની માગણી પ્રબળ બની છે. આ ઉપરાંત ગુરખા લેન્ડ, વિદર્ભ, બોડોલેન્ડ જેવા વિસ્તારો માટે અલગ રાજયની વાતો વહેતી થઈ છે.

આ સંદર્ભે કેટલાક પાયાના પ્રશ્નો વિચારણા માગે છે. અલગ રાજય બનાવવાનો મૂળભૂત હેતુ તો સુશાસન (Good Governance) જ હોઈ શકે. સમગ્ર ભારત માટે સુશાસન માટે વધુમાં વધુ કેટલાં રાજયો હોવાં જોઈએ ? રાજયોના પુનઃ ગઠન માટેનો આધાર શું હોવો જોઈએ ? - વસ્તી, વિસ્તાર, ભાષા કે ક્ષમતા ? વહીવટી પુનઃગઠન શું તમામ સમસ્યાઓનું સમાધાન લાવી દેશે ? શું રાજયનું કદ નાનું બનવાથી ગુડ ગવર્નન્સની મૂળભૂત બાબત-શાસનમાં પારદર્શિતા (Transparency) અને જવાબદારી (Accountability) આવી જશે ? શું રાજયનું કદ નાનું બનવાથી - કાયદો અને વ્યવસ્થા, પ્રાથમિક આરોગ્ય તથા શિક્ષણ, રસ્તાઓ, સિંચાઈ તથા પીવાનું પાણી, વીજળી જેવી પાયાની સવલતોની ગુણવત્તામાં સુધારો થશે ? આ સવલતો ઊભી કરવા માટેના નાણાકીય સ્ત્રોતો માત્ર ભાષા કે પ્રદેશને ધ્યાને લઈ પુનઃગઠન થાય તો કયાંથી આવશે ? વધારે રાજયો બનવાથી આંતર-રાજય વિવાદોનું પ્રમાણ વધશે કે ઘટશે ? આંતર-રાજય વિવાદો નિવારવા માટેનું તંત્ર કેવું જોઈએ ?

ઉપર દર્શાવેલ પ્રશ્નોની યાદી તો માત્ર સૂચક છે. એક બાબત બહુ જ સ્પષ્ટ તરી આવે છે કે રાજયની સફળતાનો આધાર માત્ર તેના કદ પર નિર્ભર છે તે સ્વીકારી શકાય તેમ નથી. રાજયની સફળતાનો આધાર ક્ષમતાઓના વિકાસમાં (State Capacity Building) રહેલો છે. સ્ટેટ કેપેસીટી બિલ્ડિંગ એટલે રાજયમાં રહેલ કુદરતી સંપત્તિ-ખનીજ, નદીઓ, હવામાન, જમીન, દરિયાકાંઠો તથા માનવીય શકિતઓ-ઉદ્યોગ સાહસિકતા, જ્ઞાનશકિત વિગેરેને વિકસાવવા માટે રાજય દ્વારા ભજવાતી ઉદ્દીપકની ભૂમિકા. રાજયના દૂરદર્શી આયોજનપૂર્વકના પ્રયત્નો દ્વારા કેપેસીટી બિલ્ડિંગ થકી જ કાયમી (sustainable) વિકાસ શકય બને. આપણે હંમેશા સ્ટેટ કેપેસીટી બિલ્ડિંગના સાધન તરીકે માત્ર નાણાકીય રોકાણોને જ પ્રાથમિકતા આપીએ છીએ. એક બાજુ, જ્ઞાનશકિતના સશકિતકરણ થકી ૨૧મી સદીને જીતવાની વાત કરીએ છીએ પરંતુ જ્ઞાનશકિતમાં નાણાકીય રોકાણના આંકડા વિપરીત ચિતાર આપે છે. જયારે પણ રીફોર્મની વાત આવે છે ત્યારે આપણે પ્રક્રિયા પર વધુ ભાર આપીએ છીએ, મૂળભૂત મુદ્દો રીફોર્મ શા માટે ? એ હંમેશા પાછળ ધકેલાઈ જાય છે. રાજયનું કદ ગમે તે હોય, મૂળ મુદ્દો ક્ષમતાના વિકાસમાં ઉદ્દીપકની ભૂમિકાનો છે.

યોગાનુયોગ, રાજયોના પુનઃ ગઠનનો વિવાદ ડિસેમ્બર માસના બીજા અઠવાડિયામાં ઊભો થયો છે. રાજકીય

કર્તવ્યનિષ્ઠાની પ્રેરણા મૂર્તિ સમા સરદારશ્રીનું સ્વાભાવિક સ્મરણ પંદરમી ડિસેમ્બરના રોજ થાય. શુક્રવાર, પંદરમી ડિસેમ્બર-૧૯૫૦ની સવારે ૯-૩૭ કલાકે પર્વત જેવડા પરાક્રમી તથા લોખંડ જેવી નિર્ણય શકિત ધરાવનાર, ૬૫૫ દેશી રજવાડાઓને (૬૫૨ કુનેહથી, તથા જૂનાગઢ, હૈદરાબાદ તથા કાશ્મીર શકિતથી) ભેળવનાર અખંડ ભારતના શિલ્પીની જીવનયાત્રા સમાપ્ત થઈ.

ગુજરાતના આ પનોતા પુત્રનું ચરિત્ર મહાત્મા ગાંધીના પ્રપૌત્ર શ્રી રાજમોહન ગાંધી "સરદાર પટેલ- એક સમર્પિત જીવન"માં લખે છે, "જવાહરલાલ જેવા આળા સ્વભાવના અને તોછડા મિત્રના વફાદાર સાથી; સરકારના સુકાની અને રાજાઓના રાજેશ્વર; ભારતના પ્રહરી, ઐકયવિધાયક અને સંરક્ષક; નહેરુની સાથોસાથ અંગ્રેજી સલ્તનતના વારસદાર; સ્વાધીનતા અગાઉ મહાત્માનું સ્થાન લઈ કોંગ્રેસની નીતિના ઘડવૈયા; અહમદનગરના જેલખાનામાં અજંપાથી આંટા મારતો સિંહ; 'ભારત છોડો' આંદોલનના અવિશ્રાંત સંયોજક; બારડોલીના ઓજસ્વી સેનાપતિ; અંગ્રેજી રાજના કેદી ને તેની જ સામે પડકાર ફેંકનાર; ગાંધીજીના અડીખમ સહાયક; સંભાળ રાખનાર મિત્ર અને મશ્કરી કરવામાં એકકા; બીજાઓ માટે હંમેશા હસતા મુખે ખસી જનાર-જિંદગીની શરૂઆતમાં વિઠ્ઠલભાઈ માટે અને પાછળથી જવાહરલાલ માટે જગા કરી આપનાર; અમદાવાદ વકીલ મંડળના સખત ચહેરાવાળા, છેલ્લી ફેશનમાં સજ્જ અને તોછડા વિજેતા; હંમેશા મહત્ત્વાકાંક્ષા રાખનાર; લંડનમાં મોજશોખમાં ક્ષણ પણ ન બગાડનાર મોટી ઉંમરના વકીલાતના વિદ્યાર્થી; ગોધરા અને બોરસદમાં બધાને ડરાવનાર વકીલ; ઉદાસ, વહાલસોયી અને રહસ્યમાં વીંટળાયેલી યુવાન ઝવેરબાના મૂક પતિ; પોતાની જાત ઉપર સખ્તાઈ આચરનાર અને પોતાને તુચ્છ ગણનારને પાઠ ભણાવનાર યુવાન; નોંધપાત્ર કિશોર; ગરીબ ખેડૂત કુટુંબનો ઉપેક્ષિત ચોથો છોકરો; નડિયાદનાં લાડબા અને કરમસદના ઝવેરભાઈને ત્યાં જન્મેલું બાળક." આવા અભિનવ ભારતના ઘડવૈયાને કોટિ કોટિ વંદન.

સરદાર અને ગાંધીની માર્મિક તુલના કરતાં શ્રી એચ.એમ.પટેલે લખ્યું છે કે, "ગાંધીજી સ્વભાવથી સત્યસાધક લાગે; સરદાર સ્વભાવથી વીર યોદ્ધા જણાય. ગાંધીજી ટીકાને સાંખી લે, સરદાર ટીકાને સાંખે નહીં; જો કે સરદાર પાસે વીરોચિત ક્ષમા ખરી. સરદાર ગાંધીજીના શિષ્ય ખરા અને તેમના આદર્શોને સંપૂર્ણ રીતે વરેલા ખરા, પરંતુ પોતાનું વ્યકિતત્વ જાળવી રાખીને ગાંધીજીનું શિષ્યપણું અને તેમના આદર્શોનું પાલન તેમણે સ્વીકાર્યું હતું. મહાદેવભાઈ દેસાઈએ સાચું જ કહયું છે કે, "ગાંધીજી જેવા શિક્ષકના શિષ્ય થઈ જે વ્યકિતત્વ ગુમાવી બેસે તે પોતાને અને ગાંધીજીને બન્નેને લજવે છે. વલ્લભભાઈએ પોતાનું વ્યકિતત્વ કાયમ રાખીને પોતાને અને પોતાના શિક્ષક ગાંધીજીને શોભાવ્યા".

સરદારશ્રીને અંજલિ આપતાં રાષ્ટ્રીય સેવક સંઘના દ્વિતીય સરસંઘ ચાલક શ્રી ગુરુજીના આદરાંજલિના શબ્દો આજના આ તકવાદી રાજકારણના માહોલમાં પથદર્શક રૂપ છે... "દેશ પ્રાંતવાદ, ભાષાવાદ, જાતિ વર્ગ વિદ્રેષ, સંપ્રદાય વિરોધ, તથાકથિત રાજનૈતિક અને આર્થિકવાદ અને અન્ય વિઘટનકારી પ્રવૃત્તિઓથી છિન્ન ભિન્ન થઈ રહયો છે. રાષ્ટ્રીય એકતાના પ્રયત્નો પણ દુરાગ્રહી તત્વોની ખુશામત કરવાની નિમ્નસ્તરની પૃથકતાવાદી અને ધમકીભરી પ્રવૃત્તિઓને જ પુરસ્કૃત કરી રહયો છે. આવે સમયે રાષ્ટ્ર અને સમાજના હિતનો હૃદયપૂર્વક વિચાર કરનારા લોકો, ભવિષ્યવેત્તાની દૂરદ્રષ્ટિ રાખનાર, કર્તવ્ય કઠોર વ્યવહારિક બુધ્ધિથી ચાલનારા લોખંડી પુરુષ સરદાર પટેલનું સ્મરણ કર્યા વિના રહી શકાય નહીં." (શ્રી ગુરુજી સમગ્ર ખંડ-૭. પત્રાચાર, પૃ-૧૬૧). તેલંગાણાનો પ્રશ્ન અને ગુરુજીના આ શબ્દો આજે કેટલાં સુસંગત છે.

સરદારના અવસાન બાદ ગાંધીજીના તથા સરદારના નિકટના સાથીઓએ પોતાના લેખ 'હરિજનબંધુ'ના તંત્રીશ્રી કિશોરલાલ મશરૂવાલાને મોકલી આપેલા. જેનું સંકલન 'હરિજનબંધુ'ના પુસ્તક-૧૪, અંક ૪૮-૪૯ રૂપે ૨૬મી જાન્યુઆરી, ૧૯૫૧નો ખાસ ચોવીસ પાનાનો અંક પ્રસિધ્ધ કરવામાં આવેલ હતો. તેમાંથી કેટલીક ભાવાંજલિઓના શબ્દોથી ઈતિહાસને આકારનારા આ મહામાનવને વંદન કરી મારી વાત પૂરી કરીશ.

"તેમના પાર્થિવ અવશેષો અગ્નિમાં ભસ્મીભૂત થયાં છે અને તેમની ભસ્મ પણ ગંગા-યમુનાના પવિત્ર સંગમમાં પધરાવી છે અને તે અસીમ સાગરમાં વહી જશે. પરંતુ તેમના કાર્યો અને તેમનો દાખલો પાછળ રહેલી અને ભવિષ્યમાં આવનારી પેઢીઓને પ્રેરણા આપતાં રહેશે" (ડૉ. રાજેન્દ્ર પ્રસાદ, પૃ. ૪૧૮).

"સરદાર હતા ત્યાં સુધી ગુજરાતમાં કોઈ ભંગાણ પડાવી શકયું નથી. ગુજરાતમાં હંમેશા એકમત પ્રવર્ત્યો છે, એક આમન્યા રહી છે... એવી ને એવી આમન્યા જળવાય અને એકસરખા બધાં મળીને કામ કરતા રહીએ... એ રીતે ગુજરાતનું તેજ વધશે અને તેજ વધવાની આપણામાં શકિત રહેશે એમ હું આશા રાખું છું." (કિશોરલાલ મશરૂવાળા. પૃ. ૪૨૧).

"એવા એ તેજસ્વી સરદારના સૈનિકોએ પણ તેજ પ્રગટ કરવું રહયું, એમની માફક કાયા ઘસીને કામ કરવું રહયું. તો જ આપણે એમના વફાદાર સૈનિક કહેવાઈએ." (બબલભાઈ મહેતા. પૃ. ૪૨૩).

"યોગેશ્વર બાપુ અને ધનુર્ધર સરદાર જયાં માર્ગદર્શક હોય ત્યાં વિજય, ઉન્નતિ હોય જ. તેમના ચીંધેલા માર્ગે જવાની આપણે આપણા મન સાથે પ્રતિજ્ઞા કરીએ એથી બીજી વિશેષ અંજલિ આપણે શી રીતે આપી શકીએ ?" (ગણેશ વાસુદેવ માવળંકર. પૃ. ૪૨૫).

૨૦ ડિસેમ્બર, ૨૦૦૯

બી.એ. પ્રજાપતિ
કુલપતિ

# યુનિવર્સિટી ન્યૂઝ

## સ્વર્ણિમ ગુજરાત યુવા ચેતના શિબિર-ધોરડા (કચ્છ)




સ્વર્ણિમ ગુજરાત યુવા ચેતના શિબિર-ધોરડા (કચ્છ) મુકામે ક્રાન્તિગુરૂ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટી, ભૂજ તથા સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટના ઉપક્રમે તા. ૮-૧૨-૨૦૦૯ થી ૧૨-૧૨-૨૦૦૯ દરમ્યાન યોજવામાં આવેલ. આ શિબિરમાં યુનિવર્સિટીની વિવિધ કોલેજોમાંથી પસંદ કરાયેલ રાષ્ટ્રીય સેવા યોજનાના ૨૦ વિદ્યાર્થી તથા ૨૦ વિદ્યાર્થિની સ્વયંસેવકોએ ભાગ લીધો હતો. ટીમ મેનેજર તરીકે જે.એમ. શાહ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, જંબુસરના પ્રા. મયંક શાહ તથા બી.પી. બારીયા સાયન્સ કોલેજ, નવસારીના પ્રા. એકતાબેન દેસાઈએ સેવાઓ આપી હતી. તા. ૧૦-૧૨-૨૦૦૯ના રોજ કુલપતિશ્રીએ શિબિરની રૂબરૂ મુલાકાત લઈ "જીવનમાં સફળતા માટેની તૈયારીઓ" વિષય પર બૌદ્ધિક રજૂ કર્યું હતું. વિવિધ યુનિવર્સિટીઓના ૩૦૦ જેટલા શિબિરાર્થીઓએ કચ્છના સફેદ રણ, કાળો ડુંગર, તથા અન્ય સ્થળોએ મુલાકાત લીધી હતી. રાત્રિના સાંસ્કૃતિક કાર્યક્રમ દરમ્યાન શિબિરાર્થીઓએ દક્ષિણ ગુજરાતના ભાતીગળ નૃત્યો તથા અન્ય કૃતિઓ પ્રસ્તુત કરી હતી. શિબિરાર્થીઓને કચ્છ લાવવા-લઈ જવાની વ્યવસ્થાની શ્રી અનિલ જૈન દ્વારા તેમની સંસ્થા ભગવાન મહાવીર એજયુકેશન ટ્રસ્ટની સ્કૂલ બસ દ્વારા તેમના સહયોગથી ગોઠવવામાં આવી હતી.



## એન.એસ.એસ.



યુનિવર્સિટીના એન.એસ.એસ. વિભાગ તથા જે.એફ. વાડિયા વિમેન્સ કોલેજ, સુરતના સહયોગથી યુનિવર્સિટી ગ્રંથાલયમાં સ્વતંત્ર સંદર્ભ કક્ષની સ્વચ્છતા અને ગ્રંથોની વિષયાનુસાર ગોઠવણી કરવામાં આવી. જે.એફ. વાડિયા વિમેન્સ, કોલેજ, સુરતની ૨૨ સ્વંસેવિકાઓ દ્વારા તા. ૨૦-૧૨-૨૦૦૯ના રોજ આ કાર્ય કરવામાં આવ્યું. સ્વચ્છતા અને ગ્રંથ ગોઠવણીના આ પવિત્ર કાર્યમાં યુનિવર્સિટીના એન.એસ.એસ. ઈ.ચા. પ્રોગ્રામ કો-ઓર્ડિનેટરશ્રી ડૉ. એ.એન. માલવિયા તથા કોલેજના પ્રોગ્રામ ઓફિસરશ્રી પ્રા. બી.બી. ભંડારીએ દિવસ દરમ્યાન ઉપસ્થિત રહીને પ્રેરકબળ પુરૂં પાડયું હતું. આ કામગીરીનું આયોજન ડૉ. એ.એન. માલવિયા તથા પ્રોગ્રામ ઓફિસરશ્રી પ્રા. બી.બી. ભંડારીએ કુલપતિશ્રી પ્રોફે. બી.એ. પ્રજાપતિના માર્ગદર્શન તળે કર્યું હતું. દિવસ દરમ્યાનની કામગીરીમાં ઈન્ચાર્જ યુનિવર્સિટી લાઈબ્રેરિઅન શ્રી બી.જે. અંકુયા, ટેક. આસિ. શ્રી એફ. એન. વસાવા અને શ્રી એચ.વી. પટેલ તથા આપ-લે વિભાગના કર્મચારીઓએ ભાગ લીધો.

અત્રે ઉલ્લેખનીય છે કે તા. ૨૮-૧૦-૨૦૦૯થી ૩-૧૧-૨૦૦૯ દરમ્યાન યોજાઈ ગયેલ યુનિવર્સિટી સંલગ્ન રાષ્ટ્રીય સેવા યોજના સાથે સંકળાયેલ કોલેજોની વાર્ષિક 'સ્વર્ણિમ ગુજરાતની અસ્મિતા-યુવા શિબિર'માં જે.એફ. વાડિયા વિમેન્સ કોલેજ, સુરતની એન.એસ.એસ. સ્વયંસેવિકાઓએ ગ્રંથાલયની સ્વચ્છતાનું ઉમદા કાર્ય કર્યું હતુ.



## સ્પર્ધા



એમ.જી. યુનિવર્સિટી, કોટાયામ મુકામે આંતર યુનિવર્સિટી બાસ્કેટ બોલ (બહેનો) ટુર્નામેન્ટમાં ભાગ લેવા જનાર ટીમનો શુભેચ્છા સમારંભ કુલપતિશ્રી બી.એ. પ્રજાપતિના પ્રમુખ પદે તથા ઈ.ચા. કુલસચિવશ્રી કે.એ. પટેલ અને બોર્ડ ઓફ સ્પોર્ટસના ચેરમેનશ્રી ડૉ. વિનોદભાઈ પટેલના અતિથિ વિશેષ પદે યુનિવર્સિટી પરિસર ખાતે યોજાયો હતો. મહાનુભાવોએ યુનિવર્સિટીનું નામ રમત-ગમત ક્ષેત્રે કીર્તિમાન કરવા ખેલાડીઓને અભિનંદન પાઠવ્યાં હતા. યુનિવર્સિટીના સ્પોર્ટસ ડાયરેકટરશ્રી પોલ ડેવિડે ખેલાડીઓનો પરિચય કરાવ્યો હતો અને આભારવિધિ કરી હતી. ટીમને કોચ શ્રી રાજેષ ભાલાવાલાએ કોચીંગ આપ્યું હતું અને મેનેજર તરીકે શ્રી

શીરીષ સોલંકી સેવા આપી રહયા છે. ટીમઃ ૧) કુ. મેમન રિઝવાના એ., ૨) કુ. પટેલ હર્ષીની કે., ૩) કુ. પરમાર ભારતી યુ., ૪) મૈસુરીયા હિતાક્ષી આર. ૫) કુ. જોજુ સ્વેતા આર., ૬) કુ. મોહતા પ્રિયંકા આર., ૭) કુ. પંચાલ આરતી વી., ૮) કુ. પરમાર સંગીતા એ., ૯) કુ. પટેલ ધરા પી., ૧૦) કુ. ચૌધરી વૈશાલી આર., ૧૧) કુ. ટેલર રૂપલ ડી., ૧૨) કુ. શાહ તન્વી આર.



રાણી દુર્ગાવતી યુનિવર્સિટી, જબલપુર મુકામે આંતર યુનિવર્સિટી હોકી (ભાઈઓ) ટુર્નામેન્ટમાં ભાગ લેવા જનાર ટીમનો શુભેચ્છા સમારંભ કુલપતિશ્રી બી.એ. પ્રજાપતિના પ્રમુખ પદે તથા કુલસચિવશ્રી જે. આર. મહેતાના અતિથિ વિશેષ પદે યુનિવર્સિટી પરિસર ખાતે યોજાયો હતો. મહાનુભાવોએ યુનિવર્સિટીનું નામ રમત-ગમત ક્ષેત્રે કીર્તિમાન કરવા ખેલાડીઓને શુભેચ્છા પાઠવી, યુનિવર્સિટી ટીમમાં પસંદગી પામનાર ખેલાડીઓને અભિનંદન પાઠવ્યાં હતાં. યુનિવર્સિટીના સ્પોર્ટસ ડાયરેકટરશ્રી પોલ ડેવિડે ખેલાડીઓનો પરિચય કરાવ્યો હતો અને આભારવિધિ કરી હતી. ટીમને કોચ શ્રી અલ્પેશ પટેલે કોચીંગ આપ્યું હતું અને મનેજર તરીકે પણ સેવા આપી રહયા છે. ટીમઃ ૧) શાહ માલવ યુ., ૨) મશકટ તુષાર એન., ૩) પટેલ પરેશકુમાર એલ., ૪) પટેલ હિતેશકુમાર ઓ., ૫) જોષી અંકિત યુ., ૬) પટેલ મનેષકુમાર કે., ૭) ખલાસી વિપુલભાઈ એસ., ૮) પટેલ વિજેસભાઈ જી., ૯) પટેલ જીમીતકુમાર બી., ૧૦) પટેલ કપીલકુમાર એચ., ૧૧) પટેલ અવિનાસ એમ., ૧૨) ટંડેલ સંદિપ એન., ૧૩) પટેલ કિરીટ ટી., ૧૪) ટંડેલ સૂર્યાંગ સી., ૧૫) ટંડેલ ચિરાગ કે., ૧૬) પટેલ કેવલ કે.



યુનિવર્સિટી ઓફ મુંબઈ મુકામે આંતર યુનિવર્સિટી કબડ્ડી (બહેનો) ટુર્નામેન્ટમાં ભાગ લેવા જનાર ટીમનો શુભેચ્છા સમારંભ કુલપતિશ્રી બી.એ. પ્રજાપતિના પ્રમુખ પદે તથા કુલસચિવશ્રી જે.આર. મહેતા અને બોર્ડ ઓફ સ્પોર્ટસના ચેરમેનશ્રી ડૉ. વિનોદભાઈ પટેલના અતિથિ વિશેષ પદે યુનિવર્સિટી પરિસર ભાતે યોજાયો હતો. મહાનુભાવોએ યુનિવર્સિટીનું નામ રમત-ગમત ક્ષેત્રે કીર્તિમાન કરવા ખેલાડીઓને શુભેચ્છા પાઠવી, યુનિવર્સિટી ટીમમાં પસંદગી પામનાર ખેલાડીઓને અભિનંદન પાઠવ્યાં હતાં. યુનિવર્સિટીના સ્પોર્ટસ ડાયરેટરશ્રી પોલ ડેવિડે ખેલાડીઓનો પરિચય કરાવ્યો હતો અને આભાવિધિ કરી હતી. ટીમને કોચ શ્રી મદનસિંહ ઠાકોરે કોચીંગ આપ્યું હતું અને મેનેજર તરીકે શ્રી એમ. જી. વાઘ સેવા આપી રહયા છે. ટીમ : ૧) કુ. ગામીત રૂપા એન., ૨) કુ. પુજારી રમા કે., ૩) કુ. ચૌધરી મનીષા એન., ૪) કુ. ટંડેલ નમ્રતા આર., ૪) કુ. ગામીત પ્રતિભા બી., ૫) કુ. ગામીત પ્રતિભા બી., (૬) કુ. કાપડીયા કિંજન એમ., ૭) કુ. ચૌધરી સરવન્ટ એસ., ૮) કુ. વસાવા નિલમકુમારી એ., ૯) કુ. ભોયા જાનકીબેન એસ., ૧૦) કુ. ગાવીત અંકિતા સી., ૧૧) કુ. ચૌધરી રશ્મીકા વી., ૧૨) કુ. ટંડેલ કિનરી એમ.

## Ph.D

A List of doctoral theses accepted by Veer Narmad South Gujarat University, Surat during June-October 2009.

### Chemistry

1. Patel, Miteshkumar Bachubhai. **The synthesis of quinazolinone, pyrimidinone, phthalazinone, benzothiozole, formazan and thiozolidinone derivatives and the study of their antibacterial and antifungal activity.** (Dr.A,C,Desai),Lecturer, Department of Chemistry, Sir P.T. Science College of Science, Surat.

2 Desai, Janki Shirish. **Physico-chemical and microbiological characterization of ground waters in and around Ahmedabad.** (Dr.K.K.Desai),Rt.Professor, Department of Chemistry, Veer Narmad South Gujarat University, Surat.

3 Solankee, Sejal Harshadrai. **Synthesis and studies of some novel heterocyclic compounds and their bioefficacy evaluation.** (Dr.Anjani N.Solankee), Lecturer, B.K.M.Science College, Valsad.

4. Barat, Gamanbhai Gajubhai. **Synthesis and antimicrobial studies of novel 4(3h)-quinazolinone bearing pyrazole moiety.** (Dr.N.B.Patel), Professor, Department of Chemistry, Veer Narmad South Gujarat University, Surat.

5. Bharatiya, Bhaveshkumar Narendrabhai. **Aggregation of block copolymers in aqueous solution studied by different techniques.** (Prof.P.Bahadur), Department of Chemistry, Veer Narmad South Gujarat University, Surat.

6. Shah, Muralidhar Laxmilal. **Synthesis and characterization of homo-and copolymers formed from free radical polymerization and copolymerization of vinyl monomers and N(4'-acetomidophenyl)maleimide.** (Dr.B.T.Thaker), Professor, Department of Chemistry, Veer Narmad South Gujarat University, Surat.

7. Mehta, Kalpeshbhai Manharlal. **Synthesis, characterization and biological testing of some novel nitrogen containing heterocyclic compounds as antibacterial agents.** (Dr.K.C.Patel),Professor, Department of Chemistry, Veer Narmad South Gujarat University, Surat.

8. Patel, Virendrakumar Nanubhai. **Microbial studies on 4-oxo-thiazolidinyl sulfornamides of quinazolin-4(3H)ones.** (Dr.N.B.Patel), Professor, Department of Chemistry, Veer Narmad South Gujarat University, Surat.

9. Bilimoria, Jigneshkumar Thakorbhai. **Studies and synthesis of heterocyclic reactive dyes.** (Dr.K.C.Patel),Professor, Department of Chemistry, Veer Narmad South Gujarat University, Surat.

### Computer Science

10. Saini, Jatinderkumar Ramdas. **Self learning**

**taxonomical classification system using vector space document analysis model for web text mining in UBE.** (Dr.A.A.Desai), Professor and Head, Department of Computer Science, Veer Narmad South Gujarat University, Surat.

**Economics**

11. Pandya, Dhaval Jagdish. **An investigation into urban growth of a fast development city: a case study of Surat city.** (Dr.B.V.Acharya), Rt.Prof.& Head, Department of Economics, Veer Narmad South Gujarat University, Surat.

12 Raj, Madhusudan, Maganlal. **Non market benefits of women's education: an evidence from the Surat city.** (Dr.K.M.Pandya), Professor and Head, Department of RMISSS, Veer Narmad South Gujarat University, Surat.

**Education**

13. Fulwala, Ritaben Nikeshchandra. **દક્ષિણ ગુજરાતની માધ્યમિક શાળાઓના આચાર્યોની સમસ્યાઓ અને વ્યવસાયિક કાર્યસંતોષનો અભ્યાસ.** (Dr. G.S. Parmar), Professor, Department of Education, Veer Narmad South Gujarat University, Surat.

14. Shah, Ashishkumar, Pravinbhai. **માધ્યમિક કક્ષાએ અંગ્રેજી વિષયમાં શૈક્ષણિક સાધનોના ઉપયોગની અસરકારકતાનો અભ્યાસ.** (Dr. Jayesh A. Naik), Reader, Department of Education, Veer Narmad South Gujarat University, Surat.

15. Gajera, Priteshkumar Durlabhbhai. **દક્ષિણ ગુજરાતની અગ્રગણ્ય માધ્યમિક શાળાઓનો સર્વગ્રાહી અભ્યાસ.** (Dr. Ganesh S. Parmar), Professor, Department of Education, Veer Narmad South Gujarat University, Surat.

16. Patel Daxaben Bhagubhai. **નવસારી જિલ્લાની કોળી પટેલ જ્ઞાતિના પરિવારોમાં શિક્ષણની સ્થિતિ અને સમસ્યાઓ એક અભ્યાસ.** (Dr. Nanubhai D. Patel), Principal, Shri Rang Shikshan Mahavidyalaya, Bilimora.

**Gujarati**

17. Patel, Sharmilaben Vijaybhai. **દર્શકની નવલકથાઓમાં નારી.** (Dr. Bharat S. Parikh), Lecturer, Smt. J.P. Shroff Arts College, Valsad.

18. Patel, Ashokbhai Babubhai. મમ્મટના 'કાવ્યપ્રકાશ'ના સંદર્ભે અર્વાચીન ગુજરાતી કવિતામાં અલંકાર નિરૂપણ (કાન્ત, ઉમાશંકર જોશી, રાવજી પટેલ તથા મણિલાલ દેસાઈના વિશેષ સંદર્ભે). (Dr. Bharat Parikh), Lectrurer, Smt. J.P. Shroff Arts College, Valsad.

19. Patel, Vishwanathbhai Limjibhai. **ગુજરાતી ટૂંકી વાર્તામાં જાતીય વૃત્તિનું નિરૂપણ (સુન્દરમ્, જયંત ખત્રી અને ચુનીલાલ મડિયાનાં વિશેષ સંદર્ભે).** (Dr. Bharat Parikh), Lectrurer, Smt. J.P. Shroff Arts College, Valsad.

**Hindi**

20. Parmar, Dharmeshkumar Ganpatsinh. डो. रामदरश मिश्र और फणीश्वरनाथ रेणु के उपन्यासों में ग्रामीण चित्रण और गरीब चित्रण तुलनात्मक अध्ययन. (Dr. Uttambhai Patel), Lecturer, Shri Vanraj Arts & Commerce College, Dharampur.

**Management**

21 Dhimar, Balvantbhai Nathubhai. **A study on performance evaluation of co-operative sugar factories of South Gujarat region.** (Dr.Jaydip Chaudhari), Reader, Department of Business and Industrial Management, Veer Narmad South Gujarat University, Surat.

**Rural Studies**

22. Vanparia, Jamanbhai Kurjibhai. **ગુજરાત રાજયના ડાંગ જિલ્લાના વનવાસીઓ તથા ભગતો દ્વારા સારવાર માટે ઉપયોગમાં લેવાતી ઔષધીય વનસ્પતિઓનો એક અભ્યાસ.** (Dr. K. C. Sharma), Rt. Professor, Department of Rural Studies, Veer Narmad South Gujarat University, Surat.

**Sanskrit**

23. Patel Dipakkumar Govindbhai. **'મૈત્રાયણી ઉપનિષદ્' અને 'સાંખ્યકારિકા'ના દાર્શનિક તત્ત્વોનું તુલનાત્મક અધ્યયન.** (Dr. Vasant C. Patel), Rt. Lecturer, M.T.B. Arts College, Surat.

**Sociology**

24. Ghanchi, Samiullah, Mahemoodbhai. **A study on the status of women among the muslims in Surat.** (Dr.Suguna Pathy), Professor and Head, Department of Sociology, Veer Narmad South Gujarat University, Surat.

## કોલેજ ન્યૂઝ

### સ્વર્ણિમ ગુજરાત



આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, મોટાપોંઢામાં 'સ્વર્ણિમ ગુજરાત' સપ્તધારા-નાટયધારા સમિતિ અંતર્ગત - "એકપાત્રીય અભિનય" સ્પર્ધા તા. ૦૪-૧૨-૦૯ના રોજ વલસાડ જિલ્લાની કોલેજોની યોજાઈ ગઈ. આ પ્રસંગે કુલપતિ શ્રી બી.એ. પ્રજાપતિ તથા શ્રી બાલુભાઈ પટેલ (અહિંસા સમવાય મંચ દ.ગુજ.ના કો. ઓર્ડિનેટર તથા અણુવ્રત સેવા સમિતિ, સુરતના અધ્યક્ષશ્રી શ્રી નીતિનભાઈ સોનાવાલા, મુંબઈ (શબરી છાત્રાલય, કપરાડાના સંચાલક) શ્રી અંકેશભાઈ શાહ (અણુવ્રત સેવા સમિતિ, સુરતના સભ્યશ્રી) તથા વલસાડ જિલ્લાની કોલેજોના મોટાભાગના આચાર્યશ્રીઓ ઉપસ્થિત રહયા હતા. વલસાડ જિલ્લાની વિવિધ કોલેજોના અગિયાર સ્પર્ધકોએ વિવિધ પાત્ર ભજવી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. સ્પર્ધામાં પ્રથમ ક્રમે માવ જયેશ એમ. (કે.બી.એસ. કોલેજ, વાપી), બીજા ક્રમે મસરાણી રૂષિત આર. (વનરાજ કોલેજ, ધરમપુર) તથા ત્રીજા ક્રમે ભટ્ટ નિધિ મહેન્દ્રભાઈ (શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડ) વિજેતા બન્યા.

આચાર્યશ્રી જોશીએ મહેમાનોને આવકારી પ્રસંગોચિત પ્રવચન રજુ કર્યું હતું. કુલપતિ શ્રી બી.એ.પ્રજાપતિએ એમના પ્રમુખીય પ્રવચનમાં 'ગુજરાતની અસ્મિતા'ને ઉજાગર કરતી વાતો સરળ અને સચોટ શૈલીમાં રજૂ કરી. શ્રી બાલુભાઈ પટેલે ધ્યેયલક્ષ જીવન જીવવાનો સંદેશ પૂરો પાડયો. વલસાડ જિલ્લાના કો. ઓર્ડિનેટર તરીકે પ્રિ. ડૉ. હેમાલીબેન દેસાઈએ (રોફેલ કોલેજ, વાપી) કોઈપણ પ્રકારના કાર્યમાં ભાવ આવવો જોઈએ, જાન રેડાયેલો હોવો જોઈએના સૂર સાથે આભારદર્શન કરાવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન પ્રા. યુ.એમ. દેસાઈ તથા પ્રા. એસ.પી. પટેલે કર્યું.

સર. કે.પી. કોલેજ ઓફ કોમર્સ, સુરતમાં સ્વર્ણિમ ગુજરાત નિમિત્તે, ઈન્ટર કોલેજ "વેસ્ટમાંથી બેસ્ટ" અને સર્જનાત્મક

કામગીરીની સ્પર્ધામાં વિવિધ કોલેજોમાંથી ૭૦ જેટલા સ્પર્ધકોએ ભાગ લીધો. પ્રિ. ડૉ. યુ.ટી. દેસાઈના માર્ગદર્શન અને પ્રોત્સાહન વડે યોજાયેલ આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે સ્કેટ એન્જીનિયરીંગ કોલેજના પ્રા. શ્રી ગજેન્દ્રભાઈ મજીઠીયા તથા ડી.આર.બી. ભરથાણા કોલેજના પ્રા. મયુરી કે. દેસાઈ તથા જી.પી.ના પ્રા. ભારતીબેન પાલે સેવા આપી હતી. વિજેતાઓને આચાર્યશ્રી તથા મહેમાનોના હસ્તે ઈનામો આપવામાં આવ્યાં હતાં. સ્પર્ધા પૈકી સર્જનાત્મક કામગીરીમાં પ્રથમ ઈનામ - બારૈયા અસ્મિતા જે., જે.બી ધારુકાવાલા, બીજું ઈનામ - નાયક વિહંગી એસ., એ.વી. પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરા. ત્રીજું ઈનામ - દેસાઈ ધારા એમ., પી.ટી. સાયન્સ કોલેજ, સુરત, અને અંજીરીયા પિયુષ એસ., એમ.ટી.બી. આર્ટસ કોલેજ, સુરત. આશ્વાસન ઈનામ - ટંડેલ જયદીપ પી., શ્રી સરસ્વતી બી. એડ. કોલેજ, પાંડેસરા., પટેલ જયમીન એચ., એ. વી.ટી. ચોકસી બી.એડ. કોલેજ, સુરત. વેસ્ટમાંથી બેસ્ટ : પ્રથમ ઈનામ - નાયક વિહંગી એસ., એ.વી. પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરા, બીજું ઈનામ - સુરતી પ્રીતી, શ્રી સરસ્વતી બી.એડ. કોલેજ, પાંડેસરા, ત્રીજું ઈનામ : રંધોળિયા કિરણ એમ., ઝેડ. એફ. વાડીયા વિમેન્સ કોલેજ, સુરત, ધોધારી રાકેશ ડી., કે.પી. કોમર્સ કોલેજ, સુરત. આશ્વાસન ઈનામ - નાયક મોક્ષિદા, ડી.ડી.લો. કોલેજ, નવસારી, રીતીકા મિતલ, ડી.આર.બી., ભરથાણા, સુરત.



ઉધના સીટીઝન કો-ઓ. બેંક કોમર્સ કોલેજ, સુરતની વાદ-પ્રતિવાદ સાહિત્યિક બૌધ્ધિક સમિતિ હેઠળ તથા સ્વર્ણિમ ગુજરાત અભિયાન અંતર્ગત રચાયેલી જ્ઞાનધારા હેઠળ તા. ૨૬-૧૧-૨૦૦૯ના રોજ યોજાયેલ સ્વ. શ્રી મનોજભાઈ શેઠ સ્મૃતિ આંતર કોલેજ શીઘ્ર વકતૃત્વ સ્પર્ધામાં સુરત જીલ્લાની વિવિધ કોલેજના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે ડૉ. રેખાબેન ભટ્ટ તથા પ્રા. રાજેશ્રીબેન જોષીએ સેવા બજાવી હતી. જેમાં પ્રથમ ક્રમે ચોવટીયા આશા (જે.ડી. ગાબાણી કોમર્સ કોલેજ) દ્વિતીય ક્રમે મહેતા દર્શિલ (ડી.આર.બી. કોલેજ), તૃતીય ક્રમે બેદી જસદીપ (ઉધના કોમર્સ કોલેજ) રહયા હતા. અભિનંદન.

એ.વી. પટેલ કોમર્સ કોલેજ, બિલીમોરામાં સ્વર્ણિમ ગુજરાત સપ્તધારાની વ્યાયામ-યોગ ખેલકૂદના ઉપક્રમે તા. ૨૫-૧૧-૨૦૦૯ના રોજ યોજાયેલ પતંજલિ યોગ સમિતિની યોગશિક્ષિણ શિબિરમાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો. પતંજલિ યોગ સમિતિના રાજય પ્રભારી શ્રીમતી હેતલબેન દેસાઈએ યોગ-પ્રાણાયમનું મહત્વ સમજાવી પ્રત્યક્ષ નિદર્શન કર્યું.

એ.બી. પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરામાં તા. ૨૩-૧૧-૨૦૦૯ના રોજ ગુજરાત સ્વર્ણિમ ઉત્સવ નિમિત્તે "જ્ઞાનધારા" અંતર્ગત રેશનાલિસ્ટ પ્રા. બાબુભાઈ દેસાઈનું 'રેશનાલિઝમ' વિષય ઉપર વ્યાખ્યાન યોજાઈ ગયું. પ્રા. દેસાઈએ પ્રવચનમાં જણાવ્યું કે : સમાજમાંથી ખોટા વહેમો, અંધશ્રધ્ધા, ખોટી માન્યતાઓ, કુરિવાજો દૂર કરવા જણાવ્યું હતું.

સપ્તધારા યોજના ઉચ્ચ શિક્ષણ વિભાગ, ગુજરાત રાજય સરકાર તરફથી સ્વર્ણિમ ગુજરાતની ઉજવણીના ભાગ રૂપે શરૂ કરવામાં આવી છે. જે અન્વયે ૧ : જ્ઞાનધારા ૨ : ગીત-સંગીત નૃત્યધારા ૩ : નાટયધારા ૪ : વ્યાયામ-યોગ ખેલકૂદ ધારા ૫:સર્જનાત્મક અભિવ્યકિતધારા ૬ : સમુદાય સેવાધારા ૭ : રંગકલા કૌશલધારા હેઠળ વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવેલ છે.



વલસાડ જીલ્લાની વિવિધ કોલેજોમાં સપ્તધારા યોજના અન્વયે જીલ્લા કક્ષાએ વિવિધ સ્પર્ધાઓનું આયોજન થઈ રહયું છે. વ્યાયામ યોગ ખેલકૂદ ધારા અંતર્ગત વિવિધ રમતોનું આયોજન લક્ષ્મી ગજેરા વિદ્યાપીઠ, સરીગામ ખાતે કરવામાં આવ્યું હતું. ઈનામ વિતરણ સમારંભ કુલપતિશ્રી અને સિન્ડિકેટ સભ્યશ્રી સંજયભાઈ દેસાઈની ઉપસ્થિતિમાં તા. ૭-૧૨-૨૦૦૯ના રોજ યોજાયો હતો.



વિજેતાઓ : **Chess : (1)** Shah N.H.Commerce College, Valsad. **(2)** K.B.S.Commerce College, Vapi. **Volleyball (Girls)-(1)** Shah N.H.Commerce College, Valsad. **(2)** Rofel Arts and Commerce College, Vapi. **Table Tennis (Boys) - (1)** K.B.S.Commerce College, Vapi. **(2)** Shah N.H.Commerce College, Valsad. **Table Tennis (Girls) - (1)** K.B.S.Commerce College, Vapi. **(2)** Shah N.H.Commerce College, Valsad. **Half Marathon (Boys)- (1)** Kuvar Umesh G. **(2)** Chaidhari Mojesh J.: Vanraj Arts and Commerce College, Dharampur. **Half Marathon (Girls) - (1)** Bhoya Durgaben P. **(2)** Kunver Radhabeb D.: Vanraj Arts and Commerce College, Dharampur. **Cricket- (1)** Shah N.H.Commerce College, Valsad. **(2)** Rofel B.B.A. College, Vapi. **Wrestling (Boys) - 50kg. :** Chauhan Mukesh J. Rofel Arts and Commerce College, Vapi. **55 Kg.:** Bhandari Ritesh B. Rofel Arts and Commerce College, Vapi. **60 Kg.:** Pal Santosh K.: Rofel B.B.A.College, Vapi. **65Kg.:** Dattu Sandip R.:Rofel Arts and Commerce College, Vapi. **70Kg.:** Arekar Sagar S.: Laxmi Institute of Commerce, Sarigam. **75 Kg.:** Shriwastav Ashish. : Rofel B.C.A.College, Vapi. **85 Kg.:** Singh Bhavesh D.: Rofel B.B.A.College, Vapi. **90Kg.:** Rai Sagar A.: Laxmi Institute of Commerce, Sarigam. **100 Kg.** Chettiayar Tanguturai M.: Rofel B.B.A. College, Vapi.

## રિફ્રેશર કોર્સ

અભિનવ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત, વિવેકાનંદ કોલેજ, સુરતના ગ્રંથપાલશ્રી નવનીતભાઈ આર. પટેલે, Academic Staff College, Gujarat University, Ahmedabad ખાતે 3rd, 'Refresher Course in Library and Inrofmation Science'માં તારીખ : ૨૬-૧૦-૨૦૦૯ થી ૧૫-૧૧-૨૦૦૯ દરમ્યાન ઉપસ્થિત રહયા હતા.

## દાન

સર કે.પી. કોલેજ ઓફ કોમર્સ, સુરતના એન.સી.સી.ના કેડેટસ દ્વારા ભૂતપૂર્વ સૈનિકો તેમજ વિધવાઓને મદદ કરવાના હેતુથી વિદ્યાર્થીઓમાંથી જ ફંડ ફાળો ઉઘરાવવામાં આવ્યો હતો. જે NCC 5. Guj. BN NCCમાં જમા કરાવવામાં આવ્યો.

## સુવર્ણ જયંતી




સર પી.ટી. સાર્વજનિક કોલેજ ઓફ સાયન્સ, સુરતની સ્થાપનાના પચાસમાં વર્ષમાં પ્રવેશી રહી હોઈ સમગ્ર વર્ષ દરમિયાન વિવિધ કાર્યક્રમોનું આયોજન કરી સુવર્ણ જયંતી મહોત્સવની ઉજવણી કરનાર છે. જેનો ઉદ્‌ઘાટન સમારંભ 'તારામોતી હોલ'માં તા. ૨૭-૧૧-૨૦૦૯ના રોજ કુલપતિશ્રી ડૉ. બી.એ. પ્રજાપતિના પ્રમુખસ્થાને અને કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી તથા બોર્ડ ઓફ રેડિયેશન એન્ડ આઈસોટોપ ટેકનોલોજી, મુંબઈના નિવૃત્ત જનરલ મેનેજર શ્રી સી.એન. દેસાઈના અતિથિવિશેષ પદે યોજવામાં આવ્યો હતો.

સોસાયટીના અધ્યક્ષ શ્રી રજનીકાંત મારફતિયાએ પ્રાસંગિક ઉદ્‌બોધન કરી કોલેજની ભવ્ય પ્રગતિ અને યાદગાર કાર્યક્રમોનો ઉલ્લેખ કર્યો હતો. સોસાયટીના પ્રથમ ઉપાધ્યક્ષ શ્રી આર.જી. શાહે તથા સુવર્ણ જયંતી મહોત્સવ કમિટીના અધ્યક્ષ શ્રી સી.ઝેડ. શાહે મહેમાનોનો પરિચય આપ્યો હતો.

ડૉ. સી.ઝેડ. શાહે, ડૉ. સી.એમ. દેસાઈના નામથી 'સાયન્સ રીસર્ચ સેન્ટર' શરૂ કરવા અનુરોધ કર્યો હતો અને સોસાયટીના પ્રથમ ઉપપ્રમુખ શ્રી અરૂણભાઈ જરીવાળાએ વર્તમાન સંજોગોમાં ટેક્ષટાઈલ ઈન્ડસ્ટ્રીયલ રીસર્ચ ક્ષેત્રે સંશોધન અંગે પ્રસ્તાવ રજૂ કર્યો હતો. નિવૃત્ત આચાર્ય ડૉ. એ.જી. મહેતાએ કોલેજની માહિતી દર્શાવતું ઓડિયો-વિઝ્યુઅલ પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું. અતિથિવિશેષ શ્રી સી.એન. દેસાઈએ સંસ્મરણો વાગોળી કોલેજને સફળતાના શિખરો સર કરવાની શુભેચ્છા પાઠવી હતી અને પ્રમુખશ્રી ડૉ. બી.એ. પ્રજાપતિએ વિજ્ઞાન પ્રવાહમાં વિદ્યાર્થીઓની સંખ્યા વધારી તેઓને વિજ્ઞાન અંગે વધુ પ્રોત્સાહિત કરવા અંગે વિચારો રજૂ કર્યા હતા.

ઈન્ચાર્જ આચાર્ય ડૉ. એસ.પી. કાપડીયાએ આભારવિધિ કરી હતી. ઉદ્‌ઘાટન સમારંભ પ્રસંગે લાયબ્રેરીમાં રંગોળી સ્પર્ધા, ફૂલ સાથિયા સ્પર્ધા તથા પોસ્ટર પ્રદર્શનનું પણ આયોજન કરવામાં આવ્યું. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

## સ્પર્ધા

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની હેન્ડબોલ(ભાઈઓ)ની ટીમની પસંદગી ૨૭-૧૧-૨૦૦૯ના રોજ "સી.પી. ડિગ્રી કોલેજ ઓફ ફિઝીકલ એજ્યુકેશન, રાજપીપળા" મુકામે રાખવામાં આવી હતી. આ પસંદગીમાં ઈવનિંગ કોલેજના વિદ્યાર્થી ભટ્ટ તેજસ કે. પસંદગી પામ્યા છે અને ટૂંક સમયમાં યુનિવર્સિટી ટીમ પ્લેયર તરીકે આચાર્ય નાગાર્જુન યુનિવર્સિટી (ગુંતુર, આંધ્રપ્રદેશ) મુકામે પ્રતિનિધિત્વ કરશે.

JCI સુરત સીટીઝન્સ અને શેઠ પી. ટી. મહિલા કોલેજ ઓફ આર્ટસ એન્ડ હોમસાયન્સ વનિતા વિશ્રામ, સુરત આયોજીત રાજ્યકક્ષાની આંતરકોલેજ વકતૃત્વ સ્પર્ધામાં સર કે.પી. કોલેજ ઓફ કોમર્સ, સુરતની વિદ્યાર્થિની કુ. સાહેદા શેખે પ્રથમ ક્રમ તેમજ કુ. પલક શાહે બીજો ક્રમ પ્રાપ્ત કર્યો છે. યુનિવર્સિટીની હેન્ડબોલ ટીમમાં કેયુર ગામિત પસંદગી પામેલ છે. શ્રી દીપ રેતીવાલા ઓલ ગુજરાત પાવર લિફ્ટીંગ એસોસિએશન દ્વારા આયોજીત સ્પર્ધામાં સમગ્ર ગુજરાતમાં બીજા નંબરે આવ્યા છે. અભિનંદન. તદ્‌પરાંત ગીતાજયંતી નિમિત્તે શ્રીમદભગવદગીતા પર આધારીત વિષયો પર યોજાયેલ વકતૃત્વ સ્પર્ધામાં પ્રથમ - કુ. મયુરી હરીશભાઈ માસ્તર, દ્વિતીય - શ્રી રાહુલ હરીશભાઈ રાણા અને તૃતીય - કુ. સુરેખા નાયકા, વિજેતા રહયા હતા. આ સ્પર્ધામાં પ્રા. અજીતભાઈ નાયક, પ્રા. સ્મૃતિબેન દેસાઈ તેમજ પ્રા. નિરવભાઈ પટેલે નિર્ણાયક તરીકે સેવા આપી હતી.



નર્મદા કોલેજ, ઝાડેશ્વર ખાતે યોજાયેલી કવેસ્ટ-૦૯માં નવયુગ સાયન્સ કોલેજ, સુરતના વિદ્યાર્થીઓએ પોસ્ટર, કવીઝ, પેપર પ્રેઝન્ટેશન, વોટર પ્યોરોફીકેશન, જેવી સ્પર્ધામાં ભાગ લીધો. જેમાં વોટર પ્યોરોફીકેશનમાં સૈયદ તઝીમ અને મન્સુરી સાઝીયાએ બીજો ક્રમ મેળવ્યો હતો જયારે પોસ્ટર સ્પર્ધામાં રાસડીયા દેવેન અને ડભોયા તન્વીરાએ ત્રીજો ક્રમાંક મેળવ્યો હતો. અભિનંદન.

## વ્યાખ્યાન

એ.વી. પટેલ કોમર્સ કોલેજ, બિલિમોરામાં તા. ૧૯-૧૧-૨૦૦૯ના રોજ એન્ટી રેગીંગ લો અને ટ્રાફિક અંગે જાણકારી આપતો કાર્યક્રમ બીલીમોરા પોલીસ સ્ટેશનના કોન્સ્ટેબલ શ્રી એ.એસ.પવારના અધ્યક્ષપણા હેઠળ યોજાયો હતો. આ કાર્યક્રમમાં કમિટિના અન્ય સભ્યો શ્રીમતી રક્ષાબેન બક્ષી, શ્રી મંગલ કોલીયા, શ્રી ગોકુળભાઈ પ્રજાપતિ હાજર રહયા હતા. સ્ટુડન્ટ્સ કાઉન્સીલની ડીબેટ કમિટિના ઉપક્રમે તા. ૨૦-૧૧-૨૦૦૯ના રોજ યુનિવર્સિટી વિસ્તરણ વ્યાખ્યાનમાળા અંતર્ગત યુનિવર્સિટીના આંકડાશાસ્ત્ર વિભાગના રીડર ડૉ. આરતીબેને પાવર પોઈંટ પ્રેઝન્ટેશન દ્વારા આંકડાશાસ્ત્રના વ્યવહારૂ ઉપયોગ અંગે વિદ્યાર્થીઓને વિસ્તૃત જાણકારી આપી હતી. ગ્રંથાલય અને માહિતી વિભાગના ઉપક્રમે તા. ૨૬-૧-૨૦૦૯ના રોજ "મને ગમતું પુસ્તક" વાર્તાલાપમાં બે વિદ્યાર્થીઓએ તેમને ગમતા પુસ્તકો પર વિચારો રજૂ કર્યા હતા.

# વાચન વિશેષ

## લાયકાત મેળવવી પડે

અમેરિકાના પ્રમુખ મેકિન્લેને એક વખત ધર્મસંકટ આવીને ઊભું રહયું. બે વ્યકિતઓમાંથી એક વ્યકિતને તેમને વિદેશ એલચી તરીકે પસંદ કરવાનો હતો. આમ તો એ બંને વ્યકિતઓને સારી રીતે ઓળખતા હતા. પરંતુ વર્ષો પહેલાંના એક બનાવે તેમને નિર્ણય લેવામાં મદદ કરી. તેમણે એક વ્યકિતને પસંદ કરી લીધી.

વાત એમ હતી કે વર્ષો પહેલા જયારે મેકિન્લે પ્રતિનિધિઓની સભાના સભ્ય હતા ત્યારે એક રાત્રે તેઓ બસમાં ચડી ગયા હતા અને પાછળ જગ્યા ખાલી જોઈ ત્યાં બેસી ગયા. બસ થોડી આગળ ગઈ હશે અને પછીના સ્ટેન્ડેથી એક ધોબણ બસમાં ચડી. તેની પાસે કપડાનું ભારે પોટલું હતું. તેણે બસમાં આગળથી પાછળ લગી ચાલીને જોયું તો એક પણ સીટ ખાલી ન હતી. આથી તે બસમાં આગળ જઈને ઊભી રહી. કપડાંના ભારે પોટલાના લીધે સમતુલા જાળવવી તેના માટે મુશ્કેલી પેદા કરતી હતી.

મેકિન્લે પાછળથી બધું જોતાં હતા. આ મહિલા જયાં ઊભી હતી તેની બાજુની સીટમાં એક વ્યકિત છાપું પોતાના મોં ઉપર રાખી વાંચવાનો ડોળ કરી રહી હતી, જેથી પેલી મહિલા માટે તેને સીટ ખાલી ન કરવી પડે. મેકિન્લે પોતાની સીટ ઉપરથી ઊભા થયા, પેલી મહિલા પાસે ગયા, તેનું પોટલું ઉપાડી લીધું અને તેને પોતાની ખાલી સીટમાં બેસવાની જગા આપી. જે બે વ્યકિતઓમાંથી મેકિન્લેએ પસંદગી કરવાની હતી તે પેલી વ્યકિત હતી જેણે પેલી મહિલાને બેસવાની જગા નહોતી કરી આપી.

આપણને ખબર નથી હોતી પણ આપણાં નાનાં કાર્યો કોઈક જોતું હોય છે, જો તેમાં સ્વાર્થ અને ઘમંડ કે તોછડાઈની બૂ આવતી હોય તો તે આગળ જતાં આપણને જરૂર નુકશાન કરે છે- નાનું કે

(સાભાર : જીતો દુનિયા તમારા અભિગમથી. પૃ. ૩૧-૩૨)

## પ્રતિ ધ્વનિ

આદરણીય કુલપતિશ્રી ડૉ. બી.એ. પ્રજાપતિ સાહેબ,

શાસ્ત્રોમાં લખ્યું છે : ગુણમાં દોષ જોવા અથવા દોષમાં ગુણ જોવા તે, 'નિન્દા' છે, તે જયારે ગુણમાં ગુણ જોવા અને દોષમાં દોષ જોવા તે 'સ્તુતિ' છે. 'દક્ષિણાયન'ના વાચન પછી 'સ્તુતિ' જ કરવી પડે.

પ્રત્યેક વિદ્યાલય અને વિશ્વવિદ્યાલયને પોતાનું મુખપત્ર હોવું જોઈએ જેથી થતી પ્રવૃત્તિઓ દસ્તાવેજ સ્વરૂપે સચવાય. પ્રવૃત્તિકારને એથી પ્રોત્સાહન મળે અને અન્યને દિશા તથા પ્રેરણા મળે.

વૃત્તિ હોય તો પ્રવૃત્તિ થાય. આપની રાહબરી હેઠળ 'દક્ષિણાયન'ની પ્રવૃત્તિ જીવ રેડીને થતી હોવાની મારી પ્રતીતિ છે. શિક્ષણમાં બધે-બધું ઠરી નથી ગયું. હજી પણ ધબકાર સંભળાય છે એની પ્રતીતિ પણ 'દક્ષિણાયન'થી થાય છે ને એટલે નિરાશા સાવ જ ઘેરી વળતી નથી.

આપ એક દ્રષ્ટિવંત કુલપતિ છો તે વાત સમગ્ર ગુજરાત જાણતું થયું છે. હું હૃદયથી અભિનંદન પાઠવું છું.

પ્રિ. ડૉ. દક્ષેશ ઠાકર
આર્ટ્સ કોલેજ, મોડાસા.

## વિજ્ઞપ્તિ

સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓને સાદર જણાવવાનું કે, કોલેજના અદ્યતન સમાચાર 'દક્ષિણાયન'માં પ્રગટ કરવા માટે નીચે દર્શાવેલ સરનામે મોકલવા વિનંતી. બી.જે. અંકુયા - તંત્રી, 'દક્ષિણાયન', વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય, ઉધના-મગદલ્લા રોડ, સુરત-૩૯૫૦૦૭. આપશ્રી સમાચાર **dakshinayan.vnsgu@gmail.com** પર મોકલી શકો છો.

---

વિશ્વાસ રાખીને આળસ છોડી દો, વહેમો ફગાવી દો, ડર છોડો, કુસંપનો ત્યાગ કરો, કાયરતા ખંખેરી નાખો, હિંમત રાખો, બહાદુર બનો, આત્મવિશ્વાસ રાખતાં શીખો. આટલું કરશો તો તમે જે ઈચ્છશો તે એની મેળે આવી મળશે. જગતમાં જેને માટે જે લાયક છે તે તેને મળે જ છે.

*

સંસ્થા ત્યારે જ શોભે કે જયારે એની પાછળ જે ભાવના હોય, તેને અમલમાં મૂકી બતાવીએ.

*

તમે ઉચ્ચ શિક્ષણ મેળવી રહયા છો તેથી તમારા ગરીબ ભાઈઓને રખે ભૂલતા. એમના પરસેવાની કમાણીથી જ તમે આ શિક્ષણ મેળવી રહયા છો, તમે ગમે તેટલું શિક્ષણ પ્રાપ્ત કરો પછી એવું ન થાય કે જેમ ખેડૂતને બળદ મોટર જોઈને ભડકે છે તેમ તમને જોઈને ખેડૂત ભડકી ઉઠે. તમે વિજ્ઞાનનું જે શિક્ષણ મેળવો છો તેનાથી ખેડૂત એક વાલમાંથી બે વાલ પેદી કરી શકે, એટલે કે બમણી ફસલ પાકે.

સરદાર પટેલ

VNSGU
VEER NARMAD
SOUTH GUJARAT
UNIVERSITY, SURAT

**Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat**

Tel : +91 - 261 - 222 71 41 - 46 Fax : +91 - 261 - 222 73 12 Visit us at : www.sgu.ernet.in

**Editor : B J Ankuya, Incharge University Librarian, VNSGU Central Library, Surat.**
**Published by : Shri J R Mehta, Registrar, VNSGU, Surat.**
Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat, Tel (0261) 2634179 / 98 25 25 99 11 E-mail : info@kliksolutions.com